

**ધાનેરામાં યુવા પત્રકાર એશોશીયેશનનો આરંભ**

ધાનેરા બનતી ઘટનાના સમાચાર લોકો સુધી પહોંચી શકે અને ધાનેરા ના લોકો ના પ્રશ્નો ને વાચા આપવા માટે ધાનેરા યુવા પત્રકાર એશોશીયેશન દ્વારા આજે ધાનેરા શિવાજી એસ્ટેટ એસ બી આઈ બેન્ક ની સામે ધાનેરા યુવા પત્રકાર એશોશીયેશન કાર્યાલય નું ઉદ્ધઘાટન કરવામાં આવ્યું છે

# બનાસ ડેરી ખાતે ફિઝિયોથેરાપી કેમ્પમાં ૧૨૮થી વધુ દૂધ ઉત્પાદકોએ લાભ લીધો

## ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અને સુવિધા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું

પાલનપુર, તા.૨૭

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અને સુવિધા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી જે. જે દેસાઈ ફિઝિયોથેરાપી કોલેજ એન્ડ હોસ્પિટલ, હેડુવા દ્વારા ફિઝિયોથેરાપી કેમ્પનું બનાસ ડેરી ખાતે આયોજન કરવામાં હતું જેમાં પાલનપુર તાલુકાના આજુબાજુ ગામના ૧૨૮ વધુ દૂધ ઉત્પાદકોને શારીરિક તકલીફોનું સચોટ રીતે નિદાન કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આપણી ડેરીના સ્થાપક ગલબાકાકાના નામે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ થકી સેવાલક્ષી પ્રવૃત્તિ કરવામાં આવે છે તેના અંતર્ગત શારીરિક તકલીફો જેવી કે વા, ખભાનો દુખાવો, ઘૂંટણનો દુખાવો, ફેક્ચર પછીની કસરતો, કમરનો દુખાવો તથા કમર અને ગરદનના મણકાનો ઘસારો, ગાંઠીયો વા, લકવો, મોં નો લકવો, નાના બાળકોમાં(મગજનો) લકવો વગેરે જેવી તકલીફોનું નિઃશુલ્ક રીતે નિદાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બનાસ પરિવાર સાથે જોડાયેલ કર્મચારીઓ, કામદારો તેમજ કોન્ટ્રક્ટ કામદારોએ લાભ લીધો હતો.

બનાસ ડેરી ખાતે કેમ્પ પુરો થયા બાદ સાંજના સમયે ફિઝિયોથેરાપીને લગતા રોજીંદા જીવનમાં તથા ઓફિસવર્ક કરતી વખતે શું સાવચેતી રાખવી જોઈએ તે વિષયને લઈને નિષ્ણાતો દ્વારા સ્પેશિયલ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો અને બનાસ ડેરીના કર્મચારીઓ અને વરિષ્ટ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સંદેશો આપતા કહ્યું હતું કે બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાકાકાની સ્મૃતિ અખંડ રહે અને તેમનો સેવા કરવાનો ગુણ સદાય ચાલતો રહે તે હેતુથી બનાસ ડેરીએ તેમની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. આ ટ્રસ્ટ થકી જિલ્લામાં સતત સેવાલક્ષી પ્રવત્તિ થતી રહેશે. હું હદયપૂર્વક આ કેમ્પના આયોજકોને અભિનંદન પાઠવું છું અને ભવિષ્યમાં સેવા કર્યો થતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

# પાલનપુરમાં તિબેટીયન માર્કેટ પર કાંકરીચાળો

## ઘટના બાદ સમાધાનના અહેવાલો વચ્ચે ફરિયાદ ન થઇ



પાલનપુર, તા.૨૭

પાલનપુરના એસ.ટી. ડિવિઝન રોડ પર તિબેટીયન માર્કેટના નામે ગરમ વસ્ત્રોનું બજાર ભરાય છે. જે તિબેટીયન સ્ટોલ ઉપર ગત મોડી રાતે પથ્થર મારવાનો બનાવ બનતા ચકચાર મચી ગઈ હતી.

પાલનપુર હાઈવે જતા રોડ પર જી.ડી.મોદી વિદ્યાસંકુલ સામે આવેલા તિબેટીયન માર્કેટના સ્ટોલ ઉપર ગત મોડી રાતે ૪ યુવકોએ કોઈ અગમ્ય કારણોસર કાંકરીચાળો કરતા પથ્થરમારો કર્યો હતો. જોકે, પથ્થર મારી ભાગવા જતા યુવકોમાંથી એક યુવક ઝડપાઈ જતા મામલો તંગ બન્યો હતો.

દરમિયાન, યુવકના પરિવારજનો અને વેપારીઓએ ભેગા મળીને મામલો શાંત પડતા પોલીસ ફરિયાદ ટળી હતી.

# અંબાજી વાલ્મીકી સમાજ દ્વારા ટાઈગર જીન્દા હે ફિલ્મનો વિરોધ

અંબાજી, તા.૨૭

નેશનલ ફિલ્મ જગત માં બનતી હિન્દી ફિલ્મો એક પછી એક વિવાદોમાં ઘેરાઈ રહી છે. ક્ષત્રીય સમાજ દ્વારા પદ્માવતી ફિલ્મનો વિરોધ ને હવે વાલ્મીકી સમાજ દ્વારા હાથમાં બેનરો લઈ ભારે સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યો હતો ને પોલીસ જાપ્તા સાથે સમગ્ર અંબાજી શહેર માં વિરોધ માં વિશાળ રેલી નિકાળી હતી. ને સલમાન ખાન અને સિલ્પાશેઠ્ઠી મુર્દાબાદ નાં નારા



સલમાનખાનની ટાઈગર અભી ઝીંદા હે ફિલ્મ માટેનો વિવાદ વધતો જઈ રહ્યો છે. ફિલ્મ ટાઈગર અભી ઝીંદા હે મામલે સલમાન ખાન અને શિલ્પા સેટ્ટીએ વાલ્મીકી સમાજને લઈ કરેલી અભદ્ર ટિપ્પણી બાબતે વાલ્મીકી સમાજ માં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે. જેને લઈ આજે સલમાનખાન નાં જન્મ દિવસે અંબાજી વાલ્મીકી સમાજે તેનો વિરોધ કરી અનોખી ભેટ ધરી છે. વાલ્મીકી સમાજ અંબાજી દ્વારા સલમાન ખાન અને શિલ્પા શેટ્ટીનાં પુતળા બનાવી લગાવાયા હતા.તથા બનાવેલાં પુતળાઓ ને જુતા નાં હાર પહેરાવાયા હતા. જોકે ફરી વાર આવી કોઈ અભદ્ર ટીપ્પણી વાલ્મીકી સમાજ માટે ન થાય અને હાલ માં જે ટીપ્પણી કરાઈ છે. તેનાં સામે કલાકારો ને સજા મળે ને કાયદેસર ની કાર્યવાહી કરાય તેવી માંગ અંબાજી વાલ્મીકી સમાજે કરી છે. એટલુંજ નહીં વાલ્મીકી સમાજ નાં લોકો ભલે ગંદુ ઉપાડતાં હોય પણ સમાજ ને લઈ ગંદી ભાષા અને અભદ્ર ટિપ્પણીઓ ક્યારે સહન નહીં કરે.

# અરવલ્લી જિલ્લા માલધારી સમાજમાં પાટણના કોંગેસના ધારાસભ્યની ટિપ્પણીથી ઉગ્ર રોષ

## મોડાસામાં માલધારી સમાજ કિરીટ પટેલના પૂતળાનું દહન કરે તે પહેલા પોલીસે પડાવ્યું : ધારાસભ્ય નિવેદન અંગે માફીની માંગ સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર

મોડાસા, તા.૨૭

પાટણના કોંગ્રેસના નવનિર્વાચિત ધારાસભ્ય કિરીટ પટેલે જાહેરમાર્ગો પર રખડતી ગાયોને હાંકવા બાબતે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણી ના વિરોધમાં માલધારી



સમાજ લાલઘૂમ બન્યો છે બુધવારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રબારી સમાજના અગ્રણીઓ અને યુવાનો મોટી સંખ્યામાં એકઠા થઈ ધારાસભ્ય વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી પોતાનો ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો રેલી સ્વરૂપે ચાર રસ્તા પહોંચી પૂતળા દહન કરે તે પહેલા પોલીસે પૂતળાને કબ્જે લેવામાં આવ્યું હતુ.

વિધાનસભાની ચૂંટણીના તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં પાટણના ધારાસભ્ય તરીકે કોંગ્રેસના કિરીટભાઈ પટેલ ચૂંટણીમાં વિજેતા જાહેર થયા બાદ નવ નિર્વાચિત ધારાસભ્ય કિરીટ પટેલે શહેરમાં રખડતી દૂર કરવા અંગે કરેલા વિવાદી નિવેદન પગલે માલધારી સમાજમાં વિરોધનો સુર જાગ્યો હતો આ ઘટનાનો વિરોધ દર્શાવવા માટે મોડાસા શહેરમાં માલધારી સમાજે ડીપ વિસ્તારમાં મોટી સંખ્યામાં ઉમટી પડી કિરીટ પટેલ હાય હાય ના નારા લગાવી રેલી સ્વરૂપે ચાર રસ્તા પહોંચી કિરીટ પટેલનું પૂતળું દહન કરે તે પહેલા ચાર રસ્તા પર પોલીસ પહોંચી માલધારી સમાજના યુવકોના હાથમાં રહેલું પૂતળું કબ્જે લઈ લેતા પૂતળા દહન ન થતા માલધારી સમાજના યુવકોમાં ભારે રોષ ફેલાયો હતો અને ચાર રસ્તા પર કિરીટ પટેલ માફી માંગે ની જોરદાર માંગણી કરી હતી અને માલધારી સમાજ કે ગાય વિશે કોઈ પણ વ્યક્તિ ગમે તેમ નિવેદન આપી વિવાદ કરશે અને સમાજની લાગણી દુભાય તેવું કૃત્ય કરશે તો ચલાવી નહિ લેવાય તેવી ચીમકી આપવામાં આવી હતી.

## ઇન્ડિયન સાયકલ ક્લબ ઓફ મહેસાણા દ્વારા

# મહેસાણા ખાતે આગામી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં સાયક્લોત્સવનું આયોજન

મહેસાણા, તા.૨૭

મહેસાણા જિલા નહી પરતું સમગ્ર ભારત માંથી સાયકલ પ્રેમીઓં મહેસાણા ખાતે આવનાર છે. મહેસાણા ના ઈન્ડિયનસાયકલ ક્લબ ઓફ મહેસાણા દ્વારા આગમી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં સાયક્લોત્સવનું આયોજન કરાયું છે. જેમાં પ્રત્યેક દિવસે સાયકલને લગતી અલગ-અલગ પ્રવૃતિ હાથ ધરાશે અને સાતમા દિવસે ૪૬ અને ૯૨ કિમીની સાયકલ રેસ યોજાશે. જેમાં પ્રથમ ઈનામ મેળવનાર ને એક લાખ કરતા વધુ નું ઈનામ આપવા માં આવશે.

મહેસાણા ખાતે સાયક્લોત્સવના નેજા નીચે ૭ દિવસની મેઘા ઈવેન્ટ થવા જઈ રહી છે જેમાં દેશમાંથી સાયકલ ચાલવતા સ્પર્ધકો તો આવશે સાથે સ્થાનિકો પણ સાયકલ ની મોજ માણશે.

જ્યારે હાલમાં ઈન્ડિયન સાયકલ ક્લબ ઓફ મહેસાણા માં ૪૫૦ થી વધુ લોકોના આ એશોશીયસનમાં ડોક્ટરથી લઈને નાના મધ્યમ વેપારી વર્ગ શરીરને સાચવી રહ્યા છે જ્યારે આ ઈવેન્ટમાં સાત દિવસના કાર્યક્રમમાં જુદા જુદા કાર્યકમનું આયોજન કરીને સાયકલનું મહત્વ મહેસાણાની જનતા ને આપવામાં આવશે.

જોકે આ ઈવેન્ટમાં કોઈ પણ વ્યક્તિની જાતીનો ઉલ્લે કરવામાં આવશે નહી અને રેશ જીતનારને ૧ લાખથી લઈને મેડલ સહિતથી પુરષ્કૃત કરાશે તેમ જશપાલ ચૌધારી સાયકલીસ્ટે જણાવ્યું હતું. ઈન્ડિયન સાયકલ ક્લબ ઓફ મહેસાણાના પ્રેસીડેન્ટે ડૉ. મુકેશ ચૌધરીએ છે. જેમાં સ્થાનિક લોકો સાયકલ ચલાવવા મક્કમ બને તેવા પ્રયાસ કરવામાં આવે છે. આગામી તા.૧ થી ૭ જાન્યુઆરી સુધી મહેસાણામાં સાયક્લોત્સવ-૨૦૧૮નું આયોજન કરાયું છે. સાત દિવસ ચાલનારો સાયક્લોત્સવ દેશનો પ્રથમ સાયક્લોત્સવ બનશે. જેમાં પ્રત્યેક દિવસ અલગ-અલગ પ્રકારની પ્રવૃતિઓ હાથ ધરાશે.જેમાં ૧ જાન્યુઆરીએ ચાલો સાયકલ પર કામે જઈએ, તા.૨ ના રોજ ખજાનાની શોધ, તા.૩ ના રોજ સંગીત સંધ્યા, તા.૪ ના રોજ સ્લો સાયકલ સ્પર્ધા, તા.૫ ના રોજ સાયકલ પ્રદર્શન, તા.૬ ના રોજ સાયકલ રેસ તેમજ તા.૭ના રોજ રેલી અને રેસ યોજાશે. ઉત્સવમાં ૧૫ લાખથી વધુ રોકડ ઈનામો વિજેતાઓને આપી પ્રોત્સાહિત કરાશે. તેમજ ૩૦૦૦ સ્પર્ધકો ભાગ લે તેવું આયોજકો દ્વારા અનુમાન લગાવાયું છે.

# હાજીપુરમાં નર્સરીના ગ્રાહક બાબતે ઝઘડો થયો, ચાર વિરુદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના હાજીપુર ગામે આવેલ નર્સરીમાં ગ્રાહકોની બોલાવી લેવા બાબતે ઝઘડો થતા ચાર જણાએ ભેગા મળી નર્સરીનો વ્યવસાય કરતા એક ઈસમ પર હુમલો કરી ગાળો બોલી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ મંગળવારે હિંમતનગર એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે હાજીપુરમાં નર્સરીનો વ્યવસાય કરતા ગોવિંદભાઈ રમેશચંદ્ર રાજપુતએ નોંધાવેલી ફરિયાદમાં ફરિયાદમાં જણાવ્યા મુજબ સોમવારે ફુલછોડ જોવા માટે કેટલાક ગ્રાહકો આવતા હતા જેથી સુરેશચંદ્ર અસરફીલાલ રાજપૂત, નીતુબેન સુરેશચંદ્ર રાજપુત, સૂર્યકાંત મદનસિંહ ઠાકુર અને રેણુ સૂર્યકાંત ઠાકુરે ભેગા મળી ગોવિંદભાઈ રાજપુત સાથે ઝઘડો કરી તુ અમારા ગ્રાહકોને કેમ બોલાવી લે છે તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.





અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ધ્વારા જુથ અકસ્માત વિમાના ૨૦ ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, વા.ચેરમેન જવાહરભાઈ શાહ, ઈ.સેક્રેટરી અરવિંદભાઈ પંચાલ,ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, સાબરડેરી ડીરેક્ટર જેસીંગભાઈ પટેલ, પી.સી.બરંડા, આર.સી.બરંડા, ભીખાભાઈ પટેલ, દિલીપભાઈ કટારા, ગલબાભાઈ પ્રજાપતી, રઘજીભાઈ પટેલ, નટવરસિંહ રાઠોડ, ગીરીશભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી સહિત ખેડુતો, વેપારીઓ અને અગ્રણીઓ,આકસ્મીક અવસાન દરમ્યાન મૃત્યું પામનાર વારસદારો, આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણીના પરિણામો બાદ સાબરકાંઠામાં કોંગ્રેસ મૂર્છાવસ્થામાં

હિંમતનગર, તા.૨૭

વિધાનસભાની ચૂંટણીમાં સાબરકાંઠામાં બહુ ગાજેલી કોંગ્રેસ અપેક્ષા કરતા વિપરીત પરિણામો મેળવતા તેના ખુબ જ માઠા પ્રત્યાઘાત પડી રહ્યા છે. પરિણામો જાહેર થયા બાદ કોંગ્રેસના કેટલાક બની બેઠેલા પદાધિકારીઓ કાર્યકરો સાથે રૂબરૂ કે ટેલિફોનિક ચર્ચા ન કરતા કોંગ્રેસની વિચારસરણી સાથે જોડાયેલા કેટલાક કાર્યકરોની હાલત જાયે તો કહાં જાયે જેવી થઈ છે. તો બીજી તરફ અનઅપેક્ષિત પરિણામ જોતા પ્રદેશ કક્ષાઓથી સંગઠનમાં ફેરફાર કરવાના સંકેત સાંપડી રહ્યા છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસને ચારમાંથી ફક્ત એક જ બેઠક વિધાનસભાની ચૂંટણીમાં મળી છે ત્યારે તેના પરથી એવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે કે ગુજરાતમાં કોંગ્રેસ વિરોધપક્ષની તરીકેની ભૂમિકા ભજવવામાં જોઈએ તેવો સારો દેખાવ કર્યો નથી. જેના કારણે ખેડબ્રહ્મા બેઠક પરથી વિજય બનેલા કોંગ્રેસના ઉમેદવારના મતોની સરસાઈમાં આવેલી ઓટ પરથી જણાઈ આવે છે.

બીજી તરફ તાજેતરમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે કરેલા દેખાવની સમીક્ષા કરવા માટે મહેસાણા ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના હાઈ કમાન્ડની સૂચનાથી કેટલાક કાર્યકરોએ વિધાનસભાની ચૂંટણીમાં સાબરકાંઠા કોંગ્રેસના પદાધિકારીઓએ કરેલા દેખાવની કડક આલોચના કરીને તેમાં ફેરફાર કરવો જોઈએ. તેવો સુર વ્યક્ત કર્યો છે. તો બીજી તરફફ જિલ્લાના સંગઠનમાં અંદરો અંદર ચાલતા વિખવાદને કારણે ચારેય બેઠક પર ચૂંટણી લડેલા ઉમેદવારોને પક્ષ તરફથી પૂરતો સહયોગ મળ્યો નથી તેવી ચર્ચા ચાલી રહી છે.

બીજી તરફ આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસને કેટલાક પદાધિકારીઓ અને કાર્યકરો સ્પષ્ટ માને છે કે જો સંગઠનની વિવિધ પાંખમાં ફેરફાર કરવામાં નહિ આવે તો આગામી સમયમાં હજુ અનેક મતદારો કોંગ્રેસ તરફથી મોંઢું ફેરવી લે તો નવાઈ નહીં. આમેય ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસ મતદારોનો સંપર્ક કરવા માટે દેખાય છે અને ચૂંટણી પૂર્ણ થયા બાદ તેઓ એવા ગાયબ થઈ જાય કે દીવો લઈને શોધવા જઈએ તો પણ મળતા નથી. ખરેખર તો વિરોધપક્ષની ભૂમિકા ભજવવી હોય તો પ્રજાના વિવિધ પ્રશ્નોને લઈને જાગૃતિ લાવવી જોઈએ અને તેનો અવાજ સરકાર સુધી પહોંચાડવો જોઈએ. પરંતુ કમનસીબે કોંગ્રેસમાં આ વિચારધારાનું કેટલું પાલન થાય છે તે સૌ કોઈ સમજી શકે છે.

આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસની જે બેઠકો અગાઉ તેમની પાસે હતી જે ભાજપે આંચકી લીધી છે તે પાછળનું મુખ્ય કારણ કોંગ્રેસનો વધુ પડતો આત્મવિશ્વાસ હતો. પરંતુ હવે જયારે પાણી વહી ગયું છે ત્યારે પાળ બાંધવી નિરર્થક છે. જો આમ જ ચાલશે તો પરિવર્તન લાવવા માંગતા મતદારોને ના છૂટકે પુનરાવર્તનના પ્રવાહમાં જોડાઈ જવું પડશે. જેથી હજુ સમય છે કે કોંગ્રેસ સંગઠન માળવામાં ફેરફાર કરી નવો પ્રાણ પુરવો જોઈએ અને હાર જીતના સમીકરણોમાંથી બહાર આવીને નવેસરથી નવો દાવ ખેલવો પડશે.

# જુના બળવંતપુરામાં સામાન્ય બાબતે ઝઘડો થતા ત્રણ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૭

હિંમતનગરના જૂના બળવંતપુરામાં ચાર દિવસ અગાઉ પાણીનો નળ જમીનમાં દાટી દેવાના મામલે થયેલા ઝઘડામાં એક ઈસમને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ અંગળવારે હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે તારાબેન પ્રતાપસિંહ રાઠોડે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત. તા. ૨૪ ડિસેમ્બરના રોજ તેમની પડોશમાં આવેલ તેમના ભાણીયા રંગુસિંહની માલિકીની જગ્યાએ આવેલો પાણીનો નળ જમીનમાં દાઠી દેવાના મામલે સંજયસિંહ વિક્રમસિંહ ઝાલા, મહેન્દ્રસિંહ ઝાલા અને અરુણાબેન સંજયસિંહ ઝાલાએ ઝઘડો કરી સોનલબેનને નળ ખુલ્લો કરવાનું કહી ઉશ્કેરાઈ જઈ પ્રતાપસિંહ ઉપર હુમલો કરી ગડદાપાટુનો માર માર્યો હતો અને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા તારાબેન ત્રણેય જણા વિરુદ્ધ મંગળવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## પોસ્ટ વિભાગ દ્વારા લેખન હરીફાઇ યોજાશે

ગુજરાત માસ્તર ગુજરાત સર્કલ અમદાવાદ દ્વારા 'ઈન્ટરનેશનલ લેટર રાઈટીંગ કોમ્પ્ટીશન ફોર યંગ પીપલ' લેખન હરીફાઈ ૭ જાન્યુઆરી ૧૮ના રોજ રાખવામાં આવી છે. ૩૧ માર્ચ ૧૮ના રોજ ૧૫ વર્ષ સુધીના શાળાના બાળકો ભાગ લઈ શકશે. લેખન હરીફાઈ ૦૭ જાન્યુઆરી ૧૮ના રોજ યોજાશે જેમાં ઉમેદવારો ૨૯ ડિસેમ્બર સુધી અરજી કરી શકશે. હરીફાઈ અંગની વધુ માહિતી માટે સુપ્રી ઓફ પોસ્ટ ઓફિસીસ મહેસાણાની કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે.

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ મલેકપુર તાલુકો ધનસુરા મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ. ગ. વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧. પાઈપલાઈન લેબર કામ કિંમત
રૂપિયા ૩૭૨૮૨૯.૦૦ થાય છે.

એક ટેન્ડરની ફી રૂા.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૧૩/૧૨/૨૦૧૭ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજુ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૦૬/૦૧/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૧૦/૦૧/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી મલેકપુર જળ અને સ્વચ્છતા સમીતીના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધીકાર સમીતીનો રહેશે.

: ટેન્ડર મોકલવાનું સરનામું :
મલેકપુર જળ અને સ્વચ્છતા સમીતી,
તાલુકો-ધનસુરો, જીલ્લો-અરવલ્લી.

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ ભાઠ તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**ભાઠ-૧**

૧.પાઈપલાઈન લેબર કામ ૪,૭૮,૯૫૮.૩૫
૨.૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨૯૨૩૦૫

**ભાઠ-૨**

૩. પાઈપલાઈન લેબર કામ. ઘર જોડણ ૩૪૨૩૫૨.૮૫
૪. ૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨,૯૨,૩૦૫.૬૪

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂા.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩૧/૧૨/૨૦૧૭ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજુ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૦૬/૦૧/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૦૮/૦૧/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે રકમના ૧% રકમનો એફ.ડી.આર./ડી.ડી./બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ભાઠ જળ અને સ્વચ્છતા સમીતીના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધીકાર સમીતીનો રહેશે.

: ટેન્ડર મોકલવાનું સરનામું :
અધ્યક્ષશ્રી ભાઠ જળ અને સ્વચ્છતા સમીતી,
તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી